ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૦૮
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૨૫/૦૨/૨૦૨૧

# // પરિપત્ર //

**વિષયઃ- નિગમની પ્રવર્તમાન હરાજીની નીતિમાં જરૂરી સુધારા કરવા બાબત.**

**સંદર્ભઃ-** (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/જમે(વિતરણ)/ઓએન્ડએમ/સીઆઇઆર/પીઓએલ/૭૭/૨૧, તા.૧૯/૦૫/૨૦૧૦.

(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૭૭/૪૪, તા.૨૨/૧૧/૨૦૧૦.

(૩) માર્ગદર્શિકા ક્રમાંકઃ જીઆઇડીસી/ઇડી/પ્રિ-એએલટી/વિતરણ/ઓકશન/૨૪, તા.૦૭/૦૧/૨૦૧૩.

નિગમની કેટલીક વસાહતોમાં પૂર્ણ વિકસીત વસાહત તરીકે ઘોષિત કરવામાં આવેલ છે. આવી વસાહતોમાં ઉપલબ્ધ ઔદ્યોગિક અને વાણિજય મિલકતોની ફાળવણી હરાજીથી કરવા અંગેની નીતિ અમલમાં છે તથા અપૂર્ણ વિકસીત વસાહતોમાં ઉપલબ્ધ તમામ વાણિજય મિલકતોની ફાળવણી હરાજીથી કરવામાં આવે છે. નિગમની મિલકતોની મહત્તમ કિંમત ઉપજે અને હરાજીની પ્રક્રિયામાં પારદર્શકતા જળવાઇ રહે તે હેતુસર પાયાની કિંમત નક્કી કરવા તેમજ હરાજી બાબતે ઉકત સંદર્ભિત નીતિઓ અમલમાં મૂકવામાં આવેલ છે.

રાજયમાં થઇ રહેલ ઔદ્યોગિક વિકાસને અનુલક્ષીને નિગમ ધ્વારા સમયાંતરે નીતિઓમાં કરવામાં આવેલ ફેરફારને અનુલક્ષીને ઉકત હરાજીની પ્રવર્તમાન નીતિમાં નીચે જણાવ્યા મુજબ સુધારો કરવામાં આવે છે.

(૧) <u>કમિટીની નિમણૂંકઃ-</u>

નિગમની તા.૨૨/૧૧/૨૦૧૦ની નીતિમાં પાયાની કિંમત નક્કી કરવા અર્થેની કમિટીમાં સુધારો કરી નીચે જણાવ્યા મુજબના સભ્યોની સમિતિ ધ્વારા પાયાની કિંમત નક્કી કરવા અર્થે ભલામણ કરવાની રહેશે.

(૧) મુખ્ય હિસાબી અધિકારીશ્રી.

(૨) સંબંધિત વિભાગીય પ્રબંધકશ્રી.

(૩) કાર્યપાલક નિયામકશ્રી (પ્રિ-વિતરણ) અથવા તેઓ ધ્વારા નીમેલ શાખાના અધિકારીશ્રી અથવા જનરલ મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)/મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)

(૪) કાર્યપાલક નિયામકશ્રી (પો.-વિતરણ) અથવા તેઓ ધ્વારા નીમેલ શાખાના અધિકારીશ્રી અથવા જનરલ મેનેજરશ્રી (પો.-વિતરણ)/મેનેજરશ્રી (પો.-વિતરણ)

(૫) એટીપીશ્રી.

(૨) **તળિયાની કિંમત નક્કી કરવા બાબતઃ-**

નિગમની તા.૧૯/૦૫/૨૦૧૦ની પરિપત્રિત નીતિમાં પાયાની કિંમત નક્કી કરવા અર્થે દર્શાવેલ પરિબળોમાં નીચે મુજબનો સુધારો ધ્યાને લેવાનો રહેશે.

(૧) હરાજીમાં મૂકવાની થતી મિલકતોની સ્થળસ્થિતિ/વસાહતના પરિપેક્ષમાં આવેલ મિલકતની ભૌગોલિક પરિસ્થિતિ.

(૨) જે-તે વસાહતમાં આ જ મિલકત/આ જ પ્રકારની મિલકત માટે અગાઉ હરાજીમાં મળેલ ભાવ (અને ત્યારપછી કમિટી ધ્વારા પ્રતિ વર્ષ ૬ થી ૮ ટકાનો ભાવવધારો ધ્યાને રાખવાનો રહેશે).

(૩) જે-તે વસાહતની ઉપલબ્ધ મિલકતની પ્રવર્તમાન બજાર કિંમત.

(૪) જે-તે વસાહત તથા આજુબાજુના વિસ્તાર માટે સરકારશ્રી ધ્વારા નક્કી કરવામાં આવેલ જંત્રી કિંમત.

(૫) બાંધકામ કિંમત (નિગમની પ્રવર્તમાન નીતિ મુજબ નક્કી કરવાની રહેશે).

(૬) મોખરાના ચાર્જ (જો લાગુ પડતુ હોય તો).

(૩) **ફાળવણીપત્રની સમયમર્યાદા બાબતઃ-**

હાલમાં હરાજીમાં મંજૂર થયેલ મિલકતના ફાળવણીપત્રની સમયમર્યાદા ૩૦ દિવસ છે. જેમાં સુધારો કરી ફાળવણીદાર ધ્વારા જો દિન-૩૦ માં સમયમર્યાદા વધારી આપવા બાબતે ક્ષેત્રિય કચેરીએ રજૂઆત કરવામાં આવે તો, સદર બાબતની દરખાસ્ત અભિપ્રાયસહ દિન-૧૦ માં વડી કચેરીએ સાદર કરવાની રહેશે. ફાળવણીપત્રની સમયમર્યાદામાં દિન-૬૦ સુધી નિગમની નીતિ અનુસાર વિલંબીત વ્યાજ વસૂલ લઇ ગુણદોષના આધારે વધારી આપવાની સત્તા માન. ઉપા. અને વ.સં.શ્રી હસ્તક રહેશે. એટલેકે, ફાળવણીપત્ર જારી કર્યા તારીખથી મહત્તમ ૯૦ દિવસ સુધી માન્ય ગણાશે. ત્યારબાદ મિલકત આપોઆપ ''અવેલેબલ ઇન્વેન્ટરી'' માં ગણવામાં આવશે.

**અન્ય બાબતોઃ-**

- નિગમ ધ્વારા હરાજીમાં મૂકવામાં આવેલ મિલકતોમાં ત્રીજી વખત સુધીમાં એકથી વધુ બીડ (એટલેકે બીડ ન મળે અથવા એકજ બીડ મળે) ન મળે તો એકજ બીડ મંજુર રાખવું કે કેમ? અથવા આ પ્રકારની મિલકતોને અન્ય કઇ રીતે નિકાલ કરી શકાય તે બાબતની સ્પષ્ટ અભિપ્રાયહસહ દરખાસ્ત વિ.પ્ર.શ્રી/પ્રા.મે.શ્રી ધ્વારા વડી કચેરીએ કરવાની રહેશે.

- નિગમ ધ્વારા હરાજીમાં મૂકવામાં આવેલ મિલકતને તળિયાની કિંમત નક્કી થયા બાદ અરજદારો ધ્વારા બોલવામાં આવતી બીડ કિંમતમાં વધારો પ્રતિ ચો.મી. ગણવાનો રહેશે. જે અંગે ક્ષેત્રિય કચેરીના વિ.પ્ર.શ્રી ધ્વારા મિલકતની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લઇ હરાજી અગાઉ કિંમતમાં કેટલો વધારો કરવો છે તે બાબત નકકી કરવાની રહેશે.

નિગમની વસાહતોમાં હરાજીપાત્ર મિલકતોની ફાળવણી પ્રવર્તમાન નીતિમાં ઉકત જણાવેલ સુધારા સિવાય અન્ય તમામ બાબતો યથાવત્ રહેશે.

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)ને પાઠવવી.

સહી/-

(એમ. થેન્નારસન)

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)

જીઆઇડીસી, ગાંધીનગર.